**મે.મજૂર અદાલત, અમદાવાદનાં પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ**

**રેફરન્સ (LCA) નં.૪૮૬/૨૦૧૨**

**આંક–૨૩**

**પ્રથમ પક્ષકારઃ– મેનેજરશ્રી,**
રાયટર સેફગાર્ડ કેશ મેનેજમેન્ટ પ્રા.લી.,
૧, અવધ બંગ્લોઝ, સેંટ ઝેવિયર્સ સ્કુલ સામે,
દર્પણ ચાર રસ્તા, મેમનગર, અમદાવાદ.

**વિરુદ્ધ**

**બીજા પક્ષકાર::– ઉમેશપ્રતાપસિંહ સિધ્ધપાલસિંહ ચૌહાણ**
બી–૧૪, નીલકંઠપાર્ક, મહેશ્વરી સોસાયટીની બાજુમાં,
શાંતિનિકેતન સ્કુલની સામે, ઓઢવ, અમદાવાદ.
C/o, **ઓમ શકિત લેબર એસોસીએશન**
૧૩,સુગર નગર, રામેશ્વર ચાર રસ્તા, મેઘાણીનગર,
અમદાવાદ–૧૬

હાજર રહ્યાઃ પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી એ.એસ.પરીખ
બીજા પક્ષકાર તરફે : વિ.પ્રતિનિધિ શ્રી કે.કે.રાઠોડ

**––:: એ વો ર્ડ ::––**

(૧) હાલનાં રેફરન્સનાં કામે આ એવોર્ડમાં 'સગવડતા' અને 'સરળતા' ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે **'સામાવાળા'** અને **'અરજદાર'** તરીકે સંબોધવામાં આવેલ છે.

(૨) આ કામનાં અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ તે સંદર્ભેનો ઔદ્યોગિક વિવાદ મદદનીશ શ્રમ આયુક્તશ્રી અમદાવાદ સમક્ષ ક્રમાંકઃનાશ્રઆ – અવિ–એસીએલ–૧ – આઈડીસી ૧૪૩/૧૧ દ્વારા ઉત્પન્ન કરેલ હતો. તે કન્સીલીએશન કાર્યવાહીમાં સમાધાન થયેલ ન હોઈ, જેથી સબંધિત અધિકારી દ્વારા પત્ર ક્રમાંકઃ ૩૧૧૦૦ , તા.૨૮–૦૯–૨૦૧૧ નાં

રોજ અરજદારને પત્ર લખી ઔદ્યોગિક વિવાદ ધારાની સુધારેલ જોગવાઈ મુજબ મજુર અદાલત સમક્ષ સીધી અરજી કરવા જણાવેલ.

(૩) ઉપરોક્ત વિગતે અરજદારે અત્રેની કોર્ટમાં આ ઔદ્યોગિક વિવાદ રેફરન્સ કેસ તરીકે દાખલ કરી માંગણાનું નિવેદન રજુ થયેલ છે ત્યારબાદ અરજદારે જુબાનીનું સોગંદનામુ રજુ કરેલ. સદર રેફરન્સ અરજદાર ના વધુ પુરાવા માટે પેન્ડીંગ હોઈ ત્યારે અરજદાર તથા તેમનાં પ્રતિનિધિ અને સામાવાળા તથા તેમના વિ.વ.શ્રીએ નામદાર કોર્ટ રૂબરૂ હાજર થઈ આંક–૨૨ થી સમાધાનની શરતો સાથેનું રૂા.૧,૧૦,૦૦૦/– માં કુલ એન્ડ ફાયનલ સમાધાન રજુ થયેલ છે. જેમાં અરજદાર અને સામાવાળા તથા તેમના પ્રતિનિધિશ્રી/વકીલશ્રીની સહીથી તેઓની રૂબરૂમાં થયેલ સમાધાન રજુ થયેલ છે. .સદર સમાધાન પક્ષકારોને કોર્ટ રૂબરૂ વાંચી સંભળાવતા તેઓ સમાધાનની શરતો તથા લખાણ કબુલ કરતા હોઈ આ સમાધાન રેકોર્ડેડ કરવામાં આવેલ છે. આમ, હાલનાં કેસમાં આંક–૨૨ થી શરતો સાથેનું સમાધાન રજુ થયેલ હોઈ, તેથી હાલનો રેફરન્સ કેસ આંક–૨૨ નાં સમાધાન અનુસંધાને લોક અદાલતમાં ફેંસલ કરવામાં આવે છે. આંક– ૨૨ ના સમાધાનને એવોર્ડનો ભાગ ગણવો.

ખર્ચ અંગે હુકમ નથી.

**તારીખઃ૧૧–૦૨–૨૦૨૩**
**સ્થળઃ અમદાવાદ.**

**( અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

**M.F.PARAMR(P.A)**